GUJARATI

PAPER-III

SEPT/13/06

Name & Signature of the Invigilator

ICR Answer Sheet No. :

Roll No. :

Roll Number in words :

**Time : 2.30 Minutes]** **No. of Printed Pages : 24** **[Maximum Marks : 150**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of Seventy five (75) multiple choice type questions. All questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method [A] Wrong method [A] OR [A]

5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper III only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ પંચોતેર (૭૫) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ કાઢી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા કોઈ અન્ય ફરક હોય અર્થાત કોઈપણ કારણે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. એને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાયપછી, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : [A] ખોટી રીત : [A] અથવા [A]

5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ ICR જવાબ પત્રકમાં પેપર–૩ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન/કાળી બોલ પેન વાપરવી.
10. કેલ્કયુલેટર અને અન્ય ઈલેકટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

**GUJARATI** ગુજરાતી

**PAPER - III** પેપર–III

*Note* : This paper contains **Seventy Five (75)** multiple-choice/Assertion + questions/ Matching questions. Each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

નોંધ : આ પ્રશ્નપત્રમાં પંચોતેર (૭૫) બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. બધા પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે** (૨) ગુણ છે.

---

1. પ્રતીતિ – ઉપાય – વૈકલ્ય શું છે ?

   (A) વ્યભિચારી ભાવ (B) અનુભાવ

   (C) સાત્વિકભાવ (D) રસવિઘ્ન

2. નીચેનામાંથી નવ્ય વિવેચકનું નામ જણાવો :

   (A) વિલિયમ વર્ડ્ઝવર્થ (B) વિલિયમ એમ્પસન

   (C) વિલિયમ કાર્લોસ વિલિયમ (D) વિલિયમ શેકસપિયર

3. રા. વિ. પાઠક કયા ઉપનામે વાર્તાઓ લખતા હતા ?

   (A) સ્વૈરવિહારી (B) સેહ્‌ની

   (C) શેષ (D) દ્વિરેફ

4. 'મેઘદૂત' માં કયા પર્વતની વાત આવે છે ?

   (A) ભરતગિરિ (B) પ્રતાપગિરિ

   (C) લક્ષ્મણગિરિ (D) રામગિરિ

5. 'ભરતેશ્વર બાહુબલિરાસ' માં કોના બે પુત્રો વચ્ચેના યુદ્ધનું વર્ણન કરાયું છે ?

   (A) જંબુસ્વામી (B) સ્થૂલિભદ્ર

   (C) નેમિનાથ (D) ઋષભદેવ

6. 'ધ વેસ્ટ લેન્ડ' ના ત્રીજા સર્ગનું નામ જણાવો.

(A) ધ ફાયર સર્મન (B) એ ગેમ ઓફ ચેસ

(C) ડેથ બાય વૉટર (D) ધ બ્યુરિયલ ઓફ ધ ડેડ

7. 'નવલગ્રંથાવલિ' નું સંપાદન નીચેનામાંથી કોણે નથી કર્યું ?

(A) ગોવર્ધનરામ (B) હીરાલાલ શ્રોફ

(C) નરહરિ પરીખ (D) મૂળજી લાલજી

8. પદ્યનાટકનું કાવ્યસ્વરૂપ ગુજરાતીમાં સફળતાપૂર્વક ખેડનાર કવિ કયા છે ?

(A) ઉમાશંકર જોશી (B) શામળ

(C) વિનોદ ભટ્ટ (D) ચિનુ મોદી

9. 'લોકસાહિત્ય ભણી' પુસ્તકના લેખક કોણ છે ?

(A) જયમલ્લ પરમાર (B) હસુ યાજ્ઞિક

(C) બિપિન્ આશર (D) કનુભાઈ જાની

10. તાલવ્યના પરિસરમાં કંઠ્યનું તાલુકરણ કઈ બોલીની લાક્ષણિકતા છે ?

(A) પટ્ટણી (B) સૌરાષ્ટ્રી

(C) સુરતી (D) ચરોતરી

11. હરિવલ્લભ ભાયાણીના સંશોધન વિષયક ગ્રંથનું નામ જણાવો :

(A) શોધ અને સ્વાધ્યાય (B) અનુસ્મૃતિ

(C) સંશોધનની કેડી (D) મધ્યકાલીન ગુજરાતી આખ્યાન

12. ઓરિસ્સાના સાહિત્યના 'વ્યાસ' કોને કહેવામાં આવે છે ?

(A) સરલા દાસ (B) મનોજ દાસ

(C) ફકીર મોહન સેનાપતિ (D) કવિ સૂર્યબલદેવરથ

13. કયું પદ નરસિંહ મહેતાનું નથી ?

(A) હળવે હળવે હળવે હરજી મારે મંદિર આવ્યા રે

(B) જશોદા તારા કાનુડાને સાદ કરીને વાર રે

(C) પ્રેમની પીડા તે કોને કહીએ હો મધુકર

(D) પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર

14. ગુજરીનું લોકગીત કોણે સંપાદિત કર્યું છે ?

(A) જયમલ્લ પરમાર (B) મેઘાણી

(C) કનુભાઈ જાની (D) બળવંત જાની

15. કઈ પ્રાકૃત ભાષાને 'ભૂત ભાષા' તરીકે ઓળખવામાં આવે છે ?

(A) શૌરસેની (B) માગધી

(C) પૈશાચી (D) મહારાષ્ટ્રી

16. સાચો કાલાનુક્રમ પસંદ કરો :

(A) લોલ્લટ, ભટ્ટ નાયક, અભિનવગુપ્ત, શંકુક

(B) લોલ્લટ, અભિનવગુપ્ત, ભટ્ટ નાયક, શંકુક

(C) લોલ્લટ, શંકુક, ભટ્ટ નાયક, અભિનવગુપ્ત

(D) લોલ્લટ, ભટ્ટ નાયક, શંકુક, અભિનવગુપ્ત

17. સાચો કાલાનુક્રમ પસંદ કરો :

(A) વિવર્તલીલા, આલોચના, અનુષંગ, લિરિક

(B) વિવર્તલીલા, અનુષંગ, આલોચના, લિરિક

(C) વિવર્તલીલા, લિરિક, આલોચના, અનુષંગ

(D) વિવર્તલીલા, લિરિક, અનુષંગ, આલોચના

18. સાચો કાલાનુક્રમ જણાવો :

(A) અનુકરણ, સંરચના, કલ્પના, વિઘટન

(B) અનુકરણ, વિઘટન, કલ્પના, સંરચના

(C) અનુકરણ, કલ્પના, વિઘટન, સંરચના

(D) અનુકરણ, કલ્પના, સંરચના, વિઘટન

19. સાચો કાલાનુક્રમ પસંદ કરો :

(A) જનક, અતિથિ, અર્જુન, યશોદા

(B) જનક, યશોદા, અતિથિ, અર્જુન

(C) જનક, યશોદા, અર્જુન, અતિથિ

(D) જનક, અર્જુન, યશોદા, અતિથિ

20. સાચો કાલાનુક્રમ જણાવો :

(A) સરસ્વતીચંદ્ર, માનવીની ભવાઈ, છિન્નપત્ર, સ્વપ્નતીર્થ

(B) સરસ્વતીચંદ્ર, છિન્નપત્ર, માનવીની ભવાઈ, સ્વપ્નતીર્થ

(C) સરસ્વતીચંદ્ર, સ્વપ્નતીર્થ, છિન્નપત્ર, માનવીની ભવાઈ

(D) સરસ્વતીચંદ્ર, સ્વપ્નતીર્થ, માનવીની ભવાઈ, છિન્નપત્ર

21. સાચો કાલાનુક્રમ પસંદ કરો :

(A) નહુષ, યયાતિ, પુરુ, યતિ

(B) નહુષ, પુરુ, યયાતિ, યતિ

(C) નહુષ, યયાતિ, યતિ, પુરુ

(D) નહુષ, યતિ, યયાતિ, પુરુ

22. સાચો કાલાનુક્રમ પસંદ કરો :

(A) મહાકાવ્ય, પદ્યવાર્તા, ખંડકાવ્ય, ગઝલ

(B) મહાકાવ્ય, ખંડકાવ્ય, પદ્યવાર્તા, ગઝલ

(C) મહાકાવ્ય, ખંડકાવ્ય, ગઝલ, પદ્યવાર્તા

(D) મહાકાવ્ય, ગઝલ, ખંડકાવ્ય, પદ્યવાર્તા

23. સાચો કાલાનુક્રમ પસંદ કરો :

(A) રણજીતરામ મહેતા, પુષ્કર ચંદરવાકર, મેઘાણી, ભગવાનદાસ પટેલ

(B) રણજીતરામ મહેતા, મેઘાણી, પુષ્કર ચંદરવાકર, ભગવાનદાસ પટેલ

(C) રણજીતરામ મહેતા, ભગવાનદાસ પટેલ, મેઘાણી, પુષ્કર ચંદરવાકર

(D) રણજીતરામ મહેતા, પુષ્કર ચંદરવાકર, ભગવાનદાસ પટેલ, મેઘાણી

24. સાચો કાલાનુક્રમ પસંદ કરો :

(A) ધરતીનું ધાવણ–૧, ધરતીનું ધાવણ–૨, લોકસાહિત્યનું સમાલોચન, ચારણો અને ચારણી સાહિત્ય

(B) ધરતીનું ધાવણ–૧, ધરતીનું ધાવણ–૨, ચારણો અને ચારણી સાહિત્ય, લોકસાહિત્યનું સમાલોચન

(C) ધરતીનું ધાવણ–૧, ચારણો અને ચારણી સાહિત્ય, ધરતીનું ધાવણ–૨, લોકસાહિત્યનું સમાલોચન

(D) ધરતીનું ધાવણ–૧, લોકસાહિત્યનું સમાલોચન, ચારણો અને ચારણી સાહિત્ય, ધરતીનું ધાવણ–૨

25. સાચો કાલાનુક્રમ પસંદ કરો :

(A) વ્રજલાલ શાસ્ત્રી, કે. કા. શાસ્ત્રી, નરસિંહરાવ, યોગેન્દ્ર વ્યાસ

(B) વ્રજલાલ શાસ્ત્રી, નરસિંહરાવ, કે. કા. શાસ્ત્રી, યોગેન્દ્ર વ્યાસ

(C) વ્રજલાલ શાસ્ત્રી, યોગેન્દ્ર વ્યાસ, નરસિંહરાવ, કે. કા. શાસ્ત્રી

(D) વ્રજલાલ શાસ્ત્રી, નરસિંહરાવ, યોગેન્દ્ર વ્યાસ, કે. કા. શાસ્ત્રી

26. સાચો કાલાનુક્રમ પસંદ કરો :

(A) ઈલિયડ, વસંતવિલાસ, વનલતાસેન, મેઘદૂત

(B) ઈલિયડ, મેઘદૂત, વસંતવિલાસ, વનલતાસેન

(C) ઈલિયડ, વનલતાસેન, મેઘદૂત, વસંતવિલાસ

(D) ઈલિયડ, વનલતાસેન, વસંતવિલાસ, મેઘદૂત

27. સાચો કાલાનુક્રમ પસંદ કરો :

(A) નંદશંકર, બાલાશંકર, આનંદશંકર, પ્રેમશંકર

(B) નંદશંકર, પ્રેમશંકર, બાલાશંકર, આનંદશંકર

(C) નંદશંકર, આનંદશંકર, પ્રેમશંકર, બાલાશંકર

(D) નંદશંકર, બાલાશંકર, પ્રેમશંકર, આનંદશંકર

28. સાચો કાલાનુક્રમ પસંદ કરો :

(A) જનાન્તિકે, પ્રથમ પુરુષ એકવચન, ઈદમ્ સર્વમ્, રમ્યાણિ વીક્ષ્ય

(B) જનાન્તિકે, રમ્યાણિ વીક્ષ્ય, પ્રથમ પુરુષ એકવચન, ઈદમ્ સર્વમ્

(C) જનાન્તિકે, ઈદમ્ સર્વમ્, રમ્યાણિ વીક્ષ્ય, પ્રથમ પુરુષ એકવચન

(D) જનાન્તિકે, ઈદમ્ સર્વમ્, પ્રથમ પુરુષ એકવચન, રમ્યાણિ વીક્ષ્ય

29. સાચો કાલાનુક્રમ પસંદ કરો :

(A) સાસુ વહુની લડાઈ, સ્વપ્નદૃષ્ટા, રિક્તરાગ, પેરેલિસિસ

(B) સાસુ વહુની લડાઈ, રિક્તરાગ, પેરેલિસિસ, સ્વપ્નદૃષ્ટા

(C) સાસુ વહુની લડાઈ, રિક્તરાગ, સ્વપ્નદૃષ્ટા, પેરેલિસિસ

(D) સાસુ વહુની લડાઈ, સ્વપ્નદૃષ્ટા, પેરેલિસિસ, રિક્તરાગ

30. સાચો કાલાનુક્રમ પસંદ કરો :

(A) વાસ્તવવાદ, અતિવાસ્તવવાદ, અનુ–સંરચનાવાદ, દાદાવાદ

(B) વાસ્તવવાદ, દાદાવાદ, અતિવાસ્તવવાદ, અનુ–સંરચનાવાદ

(C) વાસ્તવવાદ, અતિવાસ્તવવાદ, દાદાવાદ, અનુ–સંરચનાવાદ

(D) વાસ્તવવાદ, અનુ–સંરચનાવાદ, દાદાવાદ, અતિવાસ્તવવાદ

31. સર્વથા સુસંગતં જૂથ જણાવો :

(A) અભિધા : મુખ્યાર્થબાધ, રૂઢિ અને પ્રયોજન, લક્ષિત અર્થ

(B) અભિધા : યોગ, રૂઢિ, યોગરૂઢિ

(C) અભિધા : મુખ્યાર્થયોગ, રૂઢાલક્ષણા, પ્રતીયમાન

(D) અભિધા : ધ્વનિ, વ્યંગ્યાર્થ, અર્થવૃત્તિ

32. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(A) પરંપરા, નિર્વૈયક્તિકતા, વસ્તુલક્ષી સહસંબંધક, ત્રણ સૂર

(B) પરંપરા, ત્રણ સૂર, ચરિત્ર, દૃશ્યસામગ્રી

(C) પરંપરા, તરંગ, વસ્તુસંરચના, વક્તા

(D) પરંપરા, નિર્વૈયક્તિકતા, માધુર્ય, ઉત્કટ ભાવાવેગ

33. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(A) નવલરામ : કવિતા અને સાહિત્ય, નવલગ્રંથાવલિ, આકલન

(B) સુરેશ જોષી : કથોપકથન, કાવ્યચર્ચા, શ્રૃણ્વન્તુ

(C) હરિવલ્લભ ભાયાણી : કાવ્યમાં શબ્દ, કવિતા વિવેક, કાવ્યાનુશીલન

(D) જયંત કોઠારી : અનુક્રમ, વિભાવના, શબ્દશ્રી

34. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(A) હારાનબાબુ, અવિનાશબાબુ, મુક્તનાથ પંડિત, જયદ્રથ

(B) રાધારાણી, આનંદમયી, હારાનબાબુ, સતીશ

(C) દિવ્યનાથ, નીપા, પદ્માવતી, ભાગીરથી

(D) કામિની, મીનાક્ષી, ઈન્દુમતિ, સીતા

35. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(A) તણખામંડળ, અંતરાલ, રાની બિલાડો, ત્વ

(B) તણખામંડળ, સાપના ભારા, મલક, સમુડી

(C) તણખામંડળ, ટોળું, અંતરાલ, રાની બિલાડો

(D) તણખામંડળ, સમૂળી ક્રાન્તિ, પરિત્રાણ, સમુડી

36. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(A) ધ વેસ્ટ લેન્ડ : દત્ત, દયધ્વમ્, દમ્યત્

(B) ધ વેસ્ટ લેન્ડ : પ્રણય, ભવ્યતા, ભયાનકતા

(C) ધ વેસ્ટ લેન્ડ : સૌન્દર્ય, એકલતા, કામના

(D) ધ વેસ્ટ લેન્ડ : દ્વેષ, તૃષ્ણા, વાસના

37. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(A) સીધાં ચઢાણ, ફાંફેશ્વર, જળબિલ્લોરી, અસ્તિ

(B) સીધાં ચઢાણ, જળબિલ્લોરી, કામિની, અસ્તિ

(C) સીધાં ચઢાણ, કામિની, ફાંફેશ્વર, અસ્તિ

(D) સીધાં ચઢાણ, બક્ષીનામા, હું પોતે, બિલ્લો–ટિલ્લો ટચ

38. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(A) લગ્નગીત, કાફી, બારમાસી, ભજન

(B) લગ્નગીત, ફાગુ, પ્રબંધ, બારમાસી

(C) લગ્નગીત, ભવાઈ, ખાયણાં, મરશિયા

(D) લગ્નગીત, ભજન, ભવાઈ, કક્કો

39. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) ભગવાનદાસ પટેલ, શાન્તિભાઈ આચાર્ય, હસુ યાજ્ઞિક

(B) મોરિયન પોન્ટસ, પૂતળીબાઈ, બાળાબેન

(C) ફરામજી બમનજી, અરદેશર ખબરદાર, સોરાબજી ચીકન

(D) રણજિતરામ, ખોડીદાસ પરમાર, અમૃત પટેલ

40. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) બળવંત જાની : સ્વાધ્યાય અને સંશોધન, સંશોધનને માર્ગે, શોધ અને સ્વાધ્યાય

(B) ભોગીલાલ સાંડેસરા : અનુસ્મૃતિ, અન્વેષણા, ઇતિહાસ અને સાહિત્ય

(C) પ્રબોધ પંડિત : વ્યાકરણ : અર્થ અને આકાર, ભાષા વિજ્ઞાનના અર્વાચીન અભિગમો, પચરંગી સમાજમાં ભાષા

(D) હરિવલ્લભ ભાયાણી : કૃષ્ણકાવ્ય અને નરસિંહ સ્વાધ્યાય, લોકસાહિત્ય : સંપાદન અને સંશોધન, શબ્દની પગદંડી પર

41. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) ક ખ ચ છ
(B) પ ફ ટ ઠ
(C) ગ ઘ બ ભ
(D) જ ઝ ત દ

42. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) સરોજ પાઠક : નાઈટમૅર, નિ:શેષ, ટાઈમબોમ્બ

(B) ધીરુબહેન પટેલ : કાદંબરીની મા, પરોઢ થતાં પહેલાં, હુતાશન

(C) ઈલા આરબ મહેતા : રાધા, અહલ્યા, ધ ન્યૂ લાઈફ

(D) વર્ષા અડાલજા : અણસાર, ત્રીજો કિનારો, શગ રે સંકોરું

43. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) ચહેરા, અસ્તી, આકાર

(B) અથવા, પ્રવાલદ્વીપ, પ્રત્યંચા

(C) પીળું ગુલાબ અને હું, કુમારની અગાશી, ડાયલનાં પંખી

(D) સૂર્યારોહણ, ખતવણી, રણઝણવું

44. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) રાક્ષસ, વર્તુળ, પદભ્રષ્ટ, પદ્મા તને

(B) રાક્ષસ, છિન્નપત્ર, ઈતરા, વર્તુળ

(C) રાક્ષસ, ગૃહપ્રવેશ, થીગડું, કુરુક્ષેત્ર

(D) રાક્ષસ, એક મુલાકાત, પ્રત્યાખ્યાન, બે સૂરજમુખી અને

45. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) ઈશ્વર પેટલીકર : જનમટીપ, કંકુ અને કન્યા, કાજળકોટડી

(B) ચંદ્રકાન્ત બક્ષી : આકાર, હું, કોનારક શાહ, ઝિંદાની

(C) ૨. વ. દેસાઈ : કોકિલા, પૂર્ણિમા, ઝંઝાવાત

(D) ક. મા. મુનશી : કોનો વાંક ?, જય સોમનાથ, પ્રલય

46. નીચેનાં વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ યથાર્થતા તપાસો :

(A) નાટકનું મુખ્ય અંગ રસ છે.

(R) બધા રસની સંગતિથી નાટક નાટક બને છે.

(A) (A) સાચું છે (R) ખોટું છે

(B) (A) અને (R) બન્ને ખોટાં છે

(C) (A) ખોટું છે (R) સાચું છે

(D) (A) અને (R) બન્ને સાચાં છે

47. નીચેનાં વિધાનોની કાર્ય–કારણ દૃષ્ટિએ યથાર્થતા તપાસો :

(A) ઉદાત્તતા જન્મજાત પ્રતિભાને આભારી છે.

(R) ઉદાત્તતા માટે કળાકસબની આવશ્યકતા નથી.

(A) (A) સાચું છે (R) ખોટું છે

(B) (A) ખોટું છે (R) સાચું છે

(C) (A) અને (R) બન્ને સાચાં છે

(D) (A) અને (R) બન્ને ખોટાં છે

48. નીચેનાં વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ યથાર્થતા તપાસો :

(A) સ્વાનુભવરસિક કવિતા સર્વાનુભવરસિક કવિતા કરતાં ચડિયાતી છે.

(R) કવિ પોતાના અનુભવોના જેવું વર્ણન બીજાના અનુભવનું ન જ કરી શકે.

(A) (A) અને (R) બન્ને ખોટાં છે

(B) (A) ખોટું, (R) સાચું છે

(C) (A) સાચું, (R) ખોટું છે

(D) (A) અને (R) બન્ને સાચાં છે

49. નીચેનાં વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ યથાર્થતા તપાસો :

(A) અગત્સ્ય ઋષિ નહુષને શાપ આપે છે.

(R) અગત્સ્ય ઋષિને નહુષે બાણ માર્યું હતું.

(A) (A) સાચું, (R) ખોટું છે

(B) (A) અને (R) બન્ને ખોટાં છે

(C) (A) અને (R) બન્ને સાચાં છે

(D) (A) ખોટું છે અને (R) સાચું છે

50. નીચેનાં વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ યથાર્થતા તપાસો :

(A) 'સંસ્કાર' સંસ્કૃતિને ચીંધતી નવલકથા છે.

(R) સંસ્કૃતિને ચીંધે એને જ નવલકથા કહેવાય.

(A) (A) સાચું, (R) ખોટું છે

(B) (A) અને (R) બન્ને ખોટાં છે

(C) (A) અને (R) બન્ને સાચાં છે

(D) (A) ખોટું છે (R) સાચું છે

51. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) હેલ્મરે નોરાને ઘર છોડવા જણાવ્યું.

(બ) નાતાલવૃક્ષના વિકાસ માટે ઘરની બહાર જવું જરૂરી હતું.

(A) (અ) ખોટું છે (બ) સાચું છે

(B) (અ) અને (બ) બન્ને સાચાં છે

(C) (અ) અને (બ) બન્ને ખોટાં છે

(D) (અ) સાચું છે, (બ) ખોટું છે

52. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) 'લોકકથા ગ્રંથાવલિ' જયમલ્લ પરમારનું સંપાદન છે.

(બ) 'લોકકથા ગ્રંથાવલિ' માં કાઠિયાવાડ ઉપરાંત બુંદેલખંડ, પંજાબ, રાજસ્થાનની લોકકથાઓ છે.

(A) (અ) તથા (બ) બન્ને સાચાં છે

(B) (અ) તથા (બ) બન્ને ખોટાં છે

(C) (અ) સાચું, (બ) ખોટું છે

(D) (અ) ખોટું, (બ) સાચું છે

53. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) 'સંબંધ' શબ્દમાં બે અનુનાસિકો છે.

(બ) 'સંબંધ' શબ્દમાં બે 'ન' આવેલા છે.

(A) (અ) ખોટું, (બ) સાચું છે

(B) (અ) સાચું, (બ) ખોટું છે

(C) (અ) તથા (બ) બન્ને ખોટાં છે

(D) (અ) તથા (બ) બન્ને સાચાં છે

54. નીચેના વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) મધ્યકાલીન કૃતિના સંશોધકે જેટલી અને જે હસ્તપ્રત ઉપલબ્ધ હોય તે મેળવવી જોઈએ.

(બ) સંશોધક આવી હસ્તપ્રતોની તુલનાત્મક પરીક્ષા કરીને આગળ વધી શકે.

(A) (અ) ખોટું છે, (બ) સાચું છે

(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે

(C) (અ) સાચું, (બ) ખોટું છે

(D) (અ) અને (બ) બન્ને સાચાં છે

55. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) તુલનાત્મક વિચારોની પરિણતિ આત્મશ્લાઘા કે આત્મનિંદામાં ન થવી જોઈએ.

(બ) તુલનાત્મક સાહિત્યાભ્યાસ કરનારની દૃષ્ટિ તટસ્થ અને વસ્તુનિષ્ઠ હોવી જોઈએ.

(A) (અ) અને (બ) બન્ને સાચાં છે

(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે

(C) (અ) સાચું, (બ) ખોટું છે

(D) (અ) ખોટું, (બ) સાચું છે

56. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) 'વ્હાઈટ હોર્સ' અંગ્રેજી નવલકથા છે.

(બ) 'ટાઈમબોમ્બ' ગુજરાતી નવલકથા છે.

(A) (અ) અને (બ) બન્ને સાચાં છે

(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે

(C) (અ) સાચું, (બ) ખોટું છે

(D) (અ) ખોટું, (બ) સાચું છે

57. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) 'બહુવ્રીહિ' શબ્દ બહુવ્રીહિ સમાસ છે.

(બ) 'દ્વિગુ' શબ્દ દ્વિગુ સમાસ છે.

(A) (અ) અને (બ) બન્ને સાચાં છે

(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે

(C) (અ) સાચું, (બ) ખોટું છે

(D) (અ) ખોટું, (બ) સાચું છે

58. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) 'લોકસાહિત્ય શબ્દકોશ' ના કર્તા જેઠાલાલ ત્રિવેદી છે.

(બ) જેઠાલાલ ત્રિવેદી લોકસાહિત્યના સર્જક છે.

(A) (અ) અને (બ) બન્ને સાચાં છે

(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે

(C) (અ) સાચું, (બ) ખોટું છે

(D) (અ) ખોટું, (બ) સાચું છે

59. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) સાહિત્યસંશોધન અને સાહિત્યવિવેચનમાં એક જ પરિપાટીએ કામ ચાલે છે.

(બ) સાહિત્યસંશોધન અને સાહિત્યવિવેચનની કાર્યદિશા એક જ હોય છે.

(A) (અ) અને (બ) બન્ને સાચાં છે

(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે

(C) (અ) સાચું, (બ) ખોટું છે

(D) (અ) ખોટું, (બ) સાચું છે

60. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) ‘ગુજરાતી કથાવિશ્વ’ નવલકથાઓ વિશેનો વિવેચન ગ્રંથ છે.

(બ) ઈ.સ. ૨૦૧૦ ની નવલકથાઓ વિશેનો આ શ્રદ્ધેય ગ્રંથ છે.

(A) (અ) અને (બ) બન્ને સાચાં છે

(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે

(C) (અ) સાચું, (બ) ખોટું છે

(D) (અ) ખોટું, (બ) સાચું છે

61. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) લોલ્લટ | (૧) અનુકૃતિ |
| (*b*) શંકુક | (૨) ઉત્પત્તિ |
| (*c*) તૌત | (૩) ભોગીકરણ |
| (*d*) નાયક | (૪) અનુવ્યવસાય |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૩ | ૪ | ૧ |
| (B) | ૨ | ૧ | ૩ | ૪ |
| (C) | ૨ | ૩ | ૧ | ૪ |
| (D) | ૨ | ૧ | ૪ | ૩ |

62. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) રેન્સમ | (૧) સંદિગ્ધતા |
| (*b*) ટેઈટ | (૨) આંતરવિરોધની ભાષા |
| (*c*) બ્રુક્સ | (૩) ઈન્ટેન્શન |
| (*d*) એમ્પસન | (૪) ટેક્ષચર |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૧ | ૨ | ૩ |
| (B) | ૪ | ૨ | ૧ | ૩ |
| (C) | ૪ | ૩ | ૨ | ૧ |
| (D) | ૪ | ૧ | ૩ | ૨ |

63. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| I | | II |
|---|---|---|
| (*a*) પ્લેટો | | (૧) ઉદાત્તતા |
| (*b*) લોન્જાઈનસ | | (૨) વિચાર |
| (*c*) દેરિદા | | (૩) પરંપરા |
| (*d*) એલિયટ | | (૪) વિઘટન |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૧ | ૩ | ૪ |
| (B) | ૨ | ૪ | ૩ | ૧ |
| (C) | ૨ | ૩ | ૧ | ૪ |
| (D) | ૨ | ૧ | ૪ | ૩ |

64. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| I | | II |
|---|---|---|
| (*a*) ચિત્તક્ષોભ | | (૧) સુરેશ જોષી |
| (*b*) રહસ્ય | | (૨) બળવંતરાય ઠાકોર |
| (*c*) વિચારપ્રધાનતા | | (૩) રામનારાયણ પાઠક |
| (*d*) રૂપરચના | | (૪) રમણભાઈ નીલકંઠ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૧ | ૨ | ૩ |
| (B) | ૪ | ૩ | ૨ | ૧ |
| (C) | ૪ | ૨ | ૩ | ૧ |
| (D) | ૪ | ૨ | ૧ | ૩ |

65. બન્ને યાદીની વિગતો સરખાવીને યોગ્ય જોડકાં બનાવો :

| I | | II |
|---|---|---|
| (*a*) દેવયાની | | (૧) હોરીરામ |
| (*b*) લાવણ્ય | | (૨) દિવ્યનાથ |
| (*c*) નીપા | | (૩) પરેશબાબુ |
| (*d*) સોના | | (૪) શુક્રાચાર્ય |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૧ | ૨ | ૩ |
| (B) | ૪ | ૩ | ૨ | ૧ |
| (C) | ૪ | ૨ | ૩ | ૧ |
| (D) | ૪ | ૩ | ૧ | ૨ |

66. બન્ને યાદીની વિગતો સરખાવીને યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) પ્રાણેશાચાર્ય | (૧) સુજાતા |
| (b) દિવ્યનાથ | (૨) ભાગીરથી |
| (c) અજ | (૩) મીનાક્ષી |
| (d) દિગ્વિજયસિંહ | (૪) ઈન્દુમતી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૩ | ૪ | ૧ |
| (B) | ૧ | ૨ | ૩ | ૪ |
| (C) | ૨ | ૧ | ૪ | ૩ |
| (D) | ૨ | ૩ | ૧ | ૪ |

67. બન્ને યાદીની વિગતો સરખાવીને યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) કેશવ | (૧) આંગળિયાત |
| (b) જ્યોર્જ નરગીસ | (૨) સ્વપ્નતીર્થ |
| (c) નવીન | (૩) પેરેલિસિસ |
| (d) કંકુ | (૪) કામિની |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૩ | ૨ | ૧ |
| (B) | ૧ | ૨ | ૩ | ૪ |
| (C) | ૨ | ૩ | ૪ | ૧ |
| (D) | ૪ | ૨ | ૩ | ૧ |

68. બન્ને યાદીની વિગતો સરખાવીને યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) ફાઉસ્ટ | (૧) સાર્ત્ર |
| (b) ઓથેલો | (૨) કાફકા |
| (c) મોટામોર્ફોસિસ | (૩) શેક્સપિયર |
| (d) ધ ફ્લાઈઝ | (૪) ગ્યૂઈથે |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૧ | ૨ | ૩ |
| (B) | ૪ | ૩ | ૨ | ૧ |
| (C) | ૪ | ૨ | ૩ | ૧ |
| (D) | ૪ | ૨ | ૧ | ૩ |

69. બન્ને યાદીની વિગતો સરખાવીને યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (a) | નતાશા | (૧) | આન્દ્રે |
| (b) | ઈરીના | (૨) | બેરન |
| (c) | ડેસ્ડિમોના | (૩) | ઓથેલો |
| (d) | નોરા | (૪) | હેલ્મર |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૧ | ૨ | ૩ | ૪ |
| (B) | ૧ | ૩ | ૨ | ૪ |
| (C) | ૧ | ૪ | ૩ | ૨ |
| (D) | ૧ | ૨ | ૪ | ૩ |

70. બન્ને યાદીની વિગતો સરખાવીને યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (a) | લોકકથા : ઉદ્ભવ અને વિકાસ | (૧) | શંકર તડવી |
| (b) | ખાયણાં | (૨) | ઈશ્વર વીમાવાળા |
| (c) | આદિવાસી લોકસાહિત્ય | (૩) | પુષ્કર ચંદરવાકર |
| (d) | આદિવાસી સાહિત્યનો ઇતિહાસ | (૪) | હસુ યાજ્ઞિક |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૪ | ૩ | ૧ |
| (B) | ૩ | ૨ | ૧ | ૪ |
| (C) | ૪ | ૩ | ૧ | ૨ |
| (D) | ૧ | ૩ | ૪ | ૨ |

71. બન્ને યાદીની વિગતો સરખાવીને યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (a) | છગન કાવ્યો | (૧) | દિલીપ મોદી |
| (b) | મગન કાવ્યો | (૨) | મધુ રાય |
| (c) | હરિયા જૂથની વાર્તા | (૩) | સિતાંશુ યશશ્ચંદ્ર |
| (d) | ‘સખી’ સંદર્ભે મુક્તકો | (૪) | અનિલ જોશી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૩ | ૨ | ૧ |
| (B) | ૧ | ૨ | ૩ | ૪ |
| (C) | ૨ | ૪ | ૩ | ૧ |
| (D) | ૧ | ૪ | ૩ | ૨ |

72. બન્ને યાદીની વિગતો સરખાવીને યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) ઇન્દિરા ગોસ્વામી | (૧) મણિપુરી સાહિત્ય |
| (b) વિનોદિની દેવી | (૨) આસામી સાહિત્ય |
| (c) વિશ્વનાથ સત્યનારાયણ | (૩) તેલુગુ સાહિત્ય |
| (d) કાઝી નઝરુલ ઈસ્લામ | (૪) બંગાળી સાહિત્ય |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૧ | ૩ | ૪ |
| (B) | ૩ | ૧ | ૪ | ૨ |
| (C) | ૪ | ૨ | ૧ | ૩ |
| (D) | ૧ | ૩ | ૨ | ૪ |

73. બન્ને યાદીની વિગતો સરખાવીને યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) કેશવ હ. ધ્રુવ | (૧) જૂની ગુજરાતીના સાહિત્ય સ્વામીઓ |
| (b) હરિવલ્લભ ભાયાણી | (૨) પદ્યરચનાની ઐતિહાસિક આલોચના |
| (c) કે. કા. શાસ્ત્રી | (૩) સાહિત્યિક તથ્યોની માવજત |
| (d) જયંત કોઠારી | (૪) કૃષ્ણકાવ્ય અને નરસિંહ સ્વાધ્યાય |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૧ | ૪ | ૩ |
| (B) | ૨ | ૩ | ૪ | ૧ |
| (C) | ૨ | ૩ | ૧ | ૪ |
| (D) | ૨ | ૪ | ૧ | ૩ |

74. બન્ને યાદીની વિગતો સરખાવીને યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) ઉપપદ | (૧) સંસારસાગર |
| (*b*) એકદેશી | (૨) દીવાદાંડી |
| (*c*) મધ્યમપદલોપી સમાસ | (૩) અધઘડી |
| (*d*) તત્પુરુષ | (૪) મર્મજ્ઞ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૩ | ૨ | ૧ |
| (B) | ૪ | ૨ | ૩ | ૧ |
| (C) | ૩ | ૨ | ૪ | ૧ |
| (D) | ૧ | ૨ | ૩ | ૪ |

75. બન્ને યાદીની વિગતો સરખાવીને યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) અરજણ | (૧) દેશ્ય |
| (*b*) ઉપવાસ | (૨) તદ્‌ભવ |
| (*c*) રોઢું | (૩) તત્સમ |
| (*d*) તાલ | (૪) વ્રજ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૩ | ૧ | ૪ |
| (B) | ૩ | ૧ | ૨ | ૪ |
| (C) | ૨ | ૪ | ૩ | ૧ |
| (D) | ૧ | ૨ | ૩ | ૪ |

ROUGH WORK

SEAL